


# માનવીય ચેતનાનું પરમ ચેતના સાથે અનુસંધાન

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

જ્ઞાન, ભક્તિ અને કર્મ ઈશ્વરપ્રાપ્તિના માર્ગો છે. ઉપાસક- સાધક પોતાની રુચિ અને ક્ષમતા અનુસાર તેનું અનુસરણ કરે છે. ઉપરાંત યોગ પણ ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ છે પરંતુ એ ઘણો કઠણ છે. એમાં સિદ્ધપુરુષના માર્ગદર્શનની સતત આવશ્યકતા રહે છે. તો સામાન્ય ઉપાસક શું તેનું અનુસરણ નહીં કરી શકે? મારું એવું માનવું છે કે વ્યક્તિને જે સરળ અને અનુકૂળ પડે તે રીતે ઈષ્ટની ઉપાસના કરવી જોઈએ એટલું જ નહીં ઉપાસનામાં સાતત્ય જાળવવું જોઈએ. એ સાતત્ય માટે હંમેશ સભાન અને સતર્ક રહેવું જોઈએ.

સાંપ્રત સમયમાં લોકો યોગ તરફ વળવા લાગ્યાં છે. સારી વાત છે પણ શ્રદ્ધા, શરણાગતિ અને નિત્ય, સતત ઉપાસના એનું પ્રથમ સોપાન છે. યોગ તો ઘણે ઊંચે છે. આથી શ્રદ્ધા, શરણાગતિ અને ઉપાસનાના સાતત્યના એકડાને સૌ પ્રથમ ઘૂંટયા કરવો જરૂરી છે. શ્રદ્ધા અને ઉપાસનાના પગલે પગલે આપણા મનમાં આધ્યાત્મિકતાનો અભિગમ અને અભિરુચિ જાગે છે. આથી પરમ તત્ત્વની નિતનવીન વાતોમાં, એની શકિતઓ, એના સામર્થ્યનો પરિચય મળે છે. જેમ જેમ એ પરિચય મળતો જાય છે તેમ તેમ પરમ તત્ત્વમાં વધુ ને વધુ રસ જાગે છે. પ્રીતિ થાય છે. સમય જતાં પરમ તત્ત્વની સમર્થતા વિશે મનમાં સતત ઉત્કટતા, આતુરતા જાગે છે. એ આતુરતાને પરિણામે વ્યકિતમાં શ્રધ્ધા વધુ ને વધુ પ્રબળ અને પ્રખર થતી જાય છે. એ પ્રબળ શ્રદ્ધાને પ્રતાપે અને પ્રભાવે માણસનું સમસ્ત અસ્તિત્વ પરમ તત્ત્વમાં, ભાવમાં મનથી, હૃદયથી લીન થવા માંડે છે. એકાગ્ર થવા માંડે છે. એકાગ્રતા પ્રથમ સોપાનની સફળતા છે. ફળશ્રુતિ છે.

'યોગ' શબ્દ સંસ્કૃત ધાતુ યુજ્ માંથી ઉદ્દભવ્યો છે. યુજ્ એટલે જોડાવું. કોઈ પણ વ્યક્તિ કે કાર્ય સાથે જોડાવાની ક્રિયાને-પ્રક્રિયાને યોગ કહેવાય છે. એ દૃષ્ટિએ વિચારીએ તો પરમાત્મા સાથે જોડાવાની ક્રિયા-પ્રક્રિયાને યોગ કહેવાય છે. પ્રશ્ન એ ઉદ્દભવે કે, પરમાત્મા સાથે કેવી રીતે જોડાવું? ઉપર જણાવ્યા પ્રમાણે શ્રદ્ધા, શરણાગતિ, નિત્ય, સતત ઉપાસના એની પ્રથમ શરત છે પણ એથીયે ઉપર કંઈક છે, જેને 'યોગ' કહેવાય છે. જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ જાણીતાં છે પણ પતંજલિએ અષ્ટાંગ યોગની વાત કરી છે તે પણ જિજ્ઞાસુઓએ, મુમુક્ષુઓએ ધ્યાનમાં રાખવાની છે.અષ્ટાંગ યોગમાં યમ, નિયમ, પ્રાણાયામ, ધ્યાન,ધારણા, સમાધિ વગેરેનો સમાવેશ થાય છે. એ માટે સિદ્ધ પુરુષનું માર્ગદર્શન આવશ્યક અને અનિવાર્ય છે. એટલું જ નહીં. સામાન્ય સંસારી માટે, સામાન્ય સાધક માટે કેટલાક નીતિનિયમો જાળવવા પાળવા અનિવાર્ય બને છે. આજના સમયમાં સામાન્ય સાધક માટે એ ખૂબ દુષ્કર બની રહે છે.

આથી સંસારીઓએ, સામાન્ય ઉપાસકે- સાધકે તો સૌ પ્રથમ શ્રદ્ધા, શરણાગતિપૂર્વક, નિત્ય ઉપાસનામાં રત રહેવું જોઈએ એમ મારું માનવું છે. નિત્ય સ્મરણ, જપના પ્રભાવે અને પ્રતાપે માનવીય ચેતના ધીમે ધીમે પરમ ચેતનાને અભિમુખ થવા માંડે છે.એ અભિમુખતાને કારણે જ માનવીનું આત્મોત્થાન થાય છે. જયારે આત્મા શરીરના અવલંબનમાંથી પરમ ચૈતન્ય સાથે એકાકાર થવા માંડે છે જેને યોગ કહેવાય છે-કહી શકાય એમ મને લાગે છે.

યોગ એ મનુષ્ય અવતારની ખૂબ ઊંચી અવસ્થા છે. આધ્યાત્મિક જગતનું એક ઊંડાણ છે. એમાં વળી માનવીની અનેકાનેક કસોટીઓ પણ થાય છે. એ કસોટીઓની સમજ મેળવીને માનવી પોતાના અધ્યાત્મમાર્ગમાં, યોગમાર્ગમાં સ્થિર, અચળ અને અડગ રહે છે ત્યારે તે યોગી બને છે. યોગ પરમાત્મા સાથે જોડાવાની આત્મિક સાધના છે. કારણ કે પરમાત્મા મનુષ્યના આત્મામાં જ રહેલો છે. એટલે મનુષ્યે પોતાના આત્માનું ઉત્થાન કરીને, ઊર્ધ્વીકરણ કરીને, ભૌતિકતાથી, સાંસારિકતાથી થોડો સમય ઉપર ઊઠીને આત્મામાં જ રહેલા પરમાત્મા સાથે અનુસંધાન સાધવાનું છે. માનવીય ચેતનાનું પરમ ચેતના સાથે મનથી, હૃદયથી, આત્માથી કરેલું અનુસંધાન એટલે યોગ. આત્મામાં રહેલા પરમાત્માની અનુભૂતિ, સાયુજય, સાક્ષાત્કાર એ યોગ છે. યોગની ફલશ્રુતિ છે.

> **આથી સંસારીઓએ, સામાન્ય ઉપાસકે- સાધકે તો સૌ પ્રથમ શ્રદ્ધા, શરણાગતિપૂર્વક, નિત્ય ઉપાસનામાં રત રહેવું જોઇએ એમ મારું માનવું છે. નિત્ય સ્મરણ, જપના પ્રભાવે અને પ્રતાપે માનવીય ચેતના ધીમે ધીમે પરમ ચેતનાને અભિમુખ થવા માંડે છે.એ અભિમુખતાને કારણે જ માનવીનું આત્મોત્થાન થાય છે**

અહીં એક વાત સ્પષ્ટ કરવાની જરૂર છે ને તે એ કે કોઇ પણ સામાન્ય મનુષ્યે, ઉપાસકે, સાધકે, અધ્યાત્મપિપાસુએ, જિજ્ઞાસુએ કે મુમુક્ષુએ સંસાર છોડવાની જરા પણ આવશ્યકતા નથી. સંસારમાં રહીને જ સાંસારિકતા અદા કરવી ઈશ્વરને પસંદ પડશે જ. સંસાર ઈશ્વરનું સર્જન છે. એ સર્જનનો સ્વીકાર એટલે પરમ તત્ત્વનો સ્વીકાર.સંસાર એક મહાયોગ છે. એના પણ નીતિનિયમો છે. અષ્ટાંગ યોગની જેમ એ નીતિનિયમોનું અનુસરણ આવશ્યક અને ઉચિત છે. શ્રીમદ ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે યોગઃ કર્મસુ કૌશલમ્. મનુષ્ય પોતાના જીવનવ્યવહારમાં આવતાં તમામ કાર્યોને સુપેરે પાર પાડે તે જ યોગ છે. આપણે સૌ સંસારીઓ એવા યોગને અનુસરીએ, આત્મસાત્ કરીએ તો ઘણું છે.

# કચ્છી માડુઓને 'અષાઢી નવ વર્ષ' ની શુભેચ્છાઓ



**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

નૂતન વર્ષ એ સમાજના,ધર્મના, વિવિધ જાતિઓના લોકો માટે મહત્ત્વનું અને આનંદઉલ્લાસનું પર્વ ગણાય છે. કાલગણનાની આ રીત એક રીતે ઈતિહાસની કરોડરજ્જુ છે. રાજકીય, સાંસ્કૃતિક, ઈતિહાસની મહત્ત્વની ઘટનાઓની નોંધ જેતે પ્રચલિત સંવતોનાં વર્ષોમાં નોંધાઈ હોય છે. જે મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ પુરવાર થાય છે. કાલગણનાની જુદી જુદી પદ્ધતિઓ છે. જેમાં સૂર્યોદય, સૂર્યાસ્ત, ચંદ્રની કલાઓની વધઘટ, માસ, ઋતુપરિવર્તન વગેરેનું ધ્યાન રાખવામાં આવતું હોય છે. કાલગણના કે નૂતન વર્ષ મહાનુભાવ કે ધર્મસ્થાપકના જન્મ કે દેહવિલય સાથે, મહાન સમ્રાટ રાજા દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલા વિજય કે સિદ્ધિ, ઋતુની વિશેષતા સાથે સંકળાયેલ હોઈ શકે છે અને તેની સાથે પંચાંગ, ઉત્સવની ઉજવણીમાં પ્રદેશ તેની ભૌગોલિક વિશેષતા, સાંસ્કૃતિક તથા પરંપરાગત વિશેષતાઓ સંકળાયેલી હોય છે.

દુનિયામાં અસંખ્ય નૂતન વર્ષ તેની વિશિષ્ટતા અનુસાર પ્રચલિત છે. કેટલાક સંવત્સર ખૂબ મર્યાદિત વર્ગ માટે જેતે પ્રદેશ પૂરતા સીમિત હોય છે.

આ સપ્તાહમાં બે નૂતન વર્ષ આવે છે. કચ્છી-હાલારી અષાઢી વર્ષ અને મુસ્લિમ બિરાદરોનું હિજરી સંવત. કચ્છી હાલારી નૂતન વર્ષ કચ્છ અને તેની સાથે સંકળાયેલા સૌરાષ્ટ્રના જામનગર જિલ્લા જેવા પંથક પૂરતું, દેશ અને દુનિયામાં વસતા કચ્છી, હાલારી લોકો પૂરતું સીમિત છે.

મુસ્લિમ બિરાદરોનું હિજરી સન પયગંબર મહંમદ સાહેબની હિજરતથી શરૂ થયેલું હોવાથી હિજરી સન તરીકે ઓળખાય છે. હિજરી સન મૂળ અરબસ્તાનમાં ઉદભવ્યું જેનો અર્થ 'છૂટા પડવું' એવો થાય છે. મહંમદ પયગંબર સાહેબે મક્કાથી મદીના હિજરત કરી તેના પરથી ગણાય છે. હિજરી સંવત 12 ચાંદ્ર માસનું ગણવામાં આવે છે. આ વખતે 27મીને શુક્રવારે હિજરી સન 1447નો શુભારંભ થશે. જે મુસ્લિમ બિરાદરો તેમના પરંપરાગત રીતરિવાજ મુજબ ઉજવશે.

આપણે ત્યાં વિક્રમ સંવત, શાલિવાહન શક સંવત,(ભારતીય રાષ્ટ્રીય શક સંવત), બંગાળી સંવત, મહાવીર જૈન સંવત(વીર નિર્વાણ સંવત), ખ્રિસ્તી ઈસ્વીસન, પારસી સંવત, મુસ્લિમ હિજરી સંવત, મલયાલમ સંવત પ્રચલિત છે.

ગુજરાતમાં આભિલેખિક, સાહિત્યિક લખાણોમાં શકસંવત, કથિક સંવત, ગુપ્ત સંવત, વલભી સંવત, કલચુરી સંવત, વિક્રમ સંવત,સિંહ સંવત,(વીર નિર્વાણ) જૈન સંવત, હિજરી સંવત, આર્મેનિયન સંવત, ખ્રિસ્તી સંવત, કચ્છી હાલારી સંવતનો ઉલ્લેખ જોવા મળે છે. રોજબરોજના વ્યાપાર, વ્યવસાય,વ્યવહારમાં ઈસ્વીસન અને તિથિ, વાર, ચોઘડિયા,મુહૂર્ત, શુભ-અશુભ દિવસો જોવા માટે વિક્રમ સંવત વધુ પ્રચલિત છે.

ખૂબ જ ખમીરવંતી, સાહસિક, ઉદાર દિલ, મહેનતુ અને પ્રતિકૂળતામાં પણ અનુકૂળતા શોધી પ્રગતિ કરતી કચ્છી પ્રજા અને કચ્છના અખાતને અડીને આવેલા જામનગરની ઉત્તર પશ્ચિમે આવેલ હાલાર પંથકની પ્રજાના અષાઢી વર્ષ 2082નો શુભારંભ અષાઢી બીજે થશે. જે દેશ અને દુનિયામાં જ્યાં પણ કચ્છી લોકો વસતા હશે તેઓ પરંપરાગત રીતરિવાજો મુજબ ઉજવશે. એક તરફ રણ અને બીજી તરફ સમુદ્રના માહોલમાં વસતી કચ્છી પ્રજા તેની ભાતીગળ સંસ્કૃતિ, લોકકથાઓ, લોકનૃત્યો, હસ્ત કલાકારીગીરી, રિવાજોથી જાણીતી છે.

એકમે ગુપ્ત નવરાત્રમાંના એક અષાઢી નવરાત્રનો પણ પ્રારંભ થશે. દત્ત અવતારી તરીકે દત્ત ભક્તોમાં પૂજનીય શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજનો મહાસમાધિ દિન પણ છે.ઈતિહાસ મુજબ જામ રાયઘણજીએ કચ્છની સત્તા હસ્તગત કરી ત્યારથી અષાઢી બીજ અને નવું વર્ષ ઉજવવામાં આવે છે. કચ્છના રાજવી ખેંગાર ત્રીજાએ પોતાના જન્મદિનથી કચ્છી પંચાંગ શરૂ કરાવ્યું હતું. એ મુજબ વિક્રમ સંવત કરતાં ચાર માસ અગાઉ કચ્છી નવું વર્ષ ઉજવાય છે. રાજાશાહીના કાળમાં અષાઢી બીજે નવા સિક્કાઓ ટંકશાળમાં પાડવામાં આવતા હતા. એક સમયે અષાઢી બીજે શોભાયાત્રાઓ પણ નીકળતી હતી. આ દિવસ શુભ કાર્ય માટે ઉત્તમ માનવામાં આવે છે. ખેડૂતો ખેતરમાં વાવણી સહિતના ખેતીકામની શરૂઆત કરે છે. વીતેલા યુગમાં વેપારધંધા, રોજગાર માટે દરિયા પાર જતા દરિયાખેડુઓ અષાઢી બીજે વતન પરત આવી અષાઢી બીજની ઉજવણી કરતાં. હસ્તકલા કસબીઓ તેમની હસ્તકલાની અવનવી ભાતીગળ ચીજ-વસ્તુઓના હાટ ભરતા હોય છે. આ દિવસે વડીલોના પૂજનનો મહિમા છે. વડીલોને નારિયેળ, સાકર ભેટ ધરી આશીર્વાદ મેળવવામાં આવે છે. પરિવારના સદગત પિતૃઓના પાળિયે (સ્મૃતિસ્થાને) દર્શન, પૂજન કરી દૂધની ખીર-પડનું નૈવેદ્ય ધરાવી તેમના ઉપકારોનું સ્મરણ કરવામાં આવે છે. સુખડીપ્રસાદ વહેંચવામાં આવે છે. સુહાસીની બહેનોની ગોરણી જમાડી સૌભાગ્યનો શૃંગાર આપવામાં આવે છે. આ દિવસોમાં વરસાદ શરૂ થઈ ચૂક્યો હોવાથી હરિયાળીને કારણે લોકોમાં ખુશાલી છવાયેલી હોય છે. કચ્છમાં આવેલ આશાપુરા માતાનો મઢ, કોટેશ્વર મહાદેવ, નારાયણ સરોવર ખાતે ત્રિવિક્રમરાયજીનું મંદિર, રવેચી ધામ, લખપત, અંજાર, કાળા ડુંગર પર આવેલ દત્ત મંદિરના દર્શન, પૂજન કરવા લોકો જાય છે તથા પરસ્પર નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. અનાજ, પાણીની શોધમાં હિજરત કરી ગયેલા માલધારીઓ પોતાના પશુધન સાથે વતન પાછા ફરે છે. અષાઢી નવા વર્ષની ઉજવણી કરે છે.

> **ઇતિહાસ મુજબ જામ રાયઘણજીએ કચ્છની સત્તા હસ્તગત કરી ત્યારથી અષાઢી બીજ અને નવું વર્ષ ઉજવવામાં આવે છે. કચ્છના રાજવી ખેંગાર ત્રીજાએ પોતાના જન્મદિનથી કચ્છી પંચાંગ શરૂ કરાવ્યું હતું. એ મુજબ વિક્રમ સંવત કરતાં ચાર માસ અગાઉ કચ્છી નવું વર્ષ ઉજવાય છે. રાજાશાહીના કાળમાં અષાઢી બીજે નવા સિક્કાઓ ટંકશાળમાં પાડવામાં આવતા હતા**

કચ્છના કડવા પાટીદારો અષાઢી બીજના દિવસે વડીલોને માનભેર બેસાડી પુત્રવધૂઓ પાણીથી જલાભિષેક કરી આશીર્વાદ મેળવે છે. હાલાર પંથકમાં હાલારી ગીતો, રાસ, નૃત્યો સાથે ઉજવણી કરવામાં આવે છે.

કચ્છ માટે એટલે જ કહેવાય છે કે-

'શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ.' પોતાના સ્વભાવ, મહેનત અને કૌશલ્યથી દેશ અને દુનિયામાં ડંકો વગાડનાર મીઠાબોલા કચ્છી માંડુઓને અષાઢી વર્ષની હાર્દિક શુભકામનાઓ. 'ઈદં ન મમ'.